# હાર્દિકે કોંગ્રેસ સમક્ષ ત્રણ શરતો મૂકી



હાર્દિક પટેલ હોટલ તાજમાં ગયો પણ તે રાહુલ ગાંધીને મળ્યો કે નહી તે અંગે વિવાદ ચાલી રહ્યો છે, જો કે માંડલની સભામાં હાર્દિકે કબુલ કર્યું કે તે તાજ હોટલમાં ગયો હતો, બીજી તરફ કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતે હાર્દિકને મળ્યા હોવાની વાત પણ ટવીટ કરી છે પણ સૌથી અગત્યની વાત હાર્દિકે કોંગ્રેસના નેતાઓ સાથે કરેલ મેરોથોન મિટીંગમાં પોતાન ત્રણ શરતો મુકી છે, આ શરતોનું કોંગ્રેસ પાલન કરવા તૈયાર થાય તો હાર્દિક કોંગ્રેસમાં જવા અંગે નિર્ણય કરશે. હાર્દિક પટેલ અને કોંગ્રેસી નેતાઓ વચ્ચે હોટલ તાજમાં જે બેઠક થઈ તેમાં હાર્દિકો ત્રણ શરત મુકી જેમાં (૧) કોંગ્રેસ પાટીદારોને અનામત આપવા માગે છે કે નહીં, અને આપવા માગે છે તો સ્પષ્ટ કરે કે બંધારણની કઈ જોગવાઈ હેઠળ તેઓ પાટીદારને અનામત આપી શકે છે. અત્રે ઉલ્લેખનિય છે કે ભાજપ સરકારે ઓબીસી હેઠળ અનામત આપવાની જાહેરાત કરી પણ તેની જોગવાઈ નહી હોવાને કારણે સુપ્રીમ કોર્ટ દ્વારા તેની ઉપર રોક લગાવી દેવામાં આવી હતી. હાર્દિકની બીજી શરત છે કે કોંગ્રેસની સરકાર રચાય તો કોંગ્રેસ પોતાની સરકારમાં પાટીદારોને કેટલા ટકા પ્રતિનિધિત્વ આપશે અને શરત નં. ૩ : પાટીદારો ઉપર થયેલા તમામ ખોટા કેસ કરનાર પોલીસ




અધિકારીઓ સામે પગલાં ભરાય અને પોલીસ ગોળીબારમાં માર્યા ગયેલા પાટીદારો અંગે પણ જવાબ પોલીસ સામે ગુનો નોંધાય, તેમજ મૃતકોના પરિવારને સરકારી નોકરી આપવામાં.સુત્રોના કહેવા પ્રમાણે હાર્દિકની ત્રણે માગણીઓ અંગે કોંગ્રેસને વિચારણા કરી જવાબ આપવાનું કહેતા હાલના તબ્બકે હાર્દિક પોતાનો નિર્ણય પણ સ્પષ્ટ કરતો નથી.

## હાર્દિક રાહુલને મળ્યો એ બાબતની જાણ મીડિયાને કેવી રીતે થઈ ?




### હાર્દિક હોટલમાં આવ્યો છે તે જાણકારી ગુજરાતના ઈન્ટેલીજન્સ ઓફિસરોને મળી હતી

ગાંધીનગર, તા. ૨૪

હાર્દિક પટેલ હોટલ તાજમાં આગલી રાતે આવી ગયો હતો અને સોમવારે હાર્દિક પટેલ હોટલ છોડી નિકળી તેની સાથે તમામ ચેનલો પાસે હોટલના સીસીટીવી ફુટેજ પહોંચી ગયા હતા. હાર્દિક હોટલમાં આવ્યો છે તે જાણકારી ગુજરાતના ઈન્ટેલીજન્સ ઓફિસરોને મળી હતી. રાહુલ ગાંધી અંગે સ્પેશીયલ પ્રોટેકશન ગ્રુપ દ્વારા ગુજરાત પોલીસને મોકલાવેલા કાર્યક્રમમાં એરપોર્ટથી રાહુલ ગાંધી સીધા ગાંધીનગર જવા રવાના થવાના હતા, પણ રાહુલ ગાંધી આવવાના એક કલાક પહેલા એસપીજી દ્વારા પોલીસને જાણકારી આપવામાં આવી કે રાહુલ એરપોર્ટથી હોટલ તાજમાં ઉતરશે અને પછી ત્યાંથી ગાંધીનગર જવા રવાના થશે. બીજી તરફ હાર્દિક પટેલ રાતે જ હોટલમાં આવી ગયો છે તેની જાણકારી હોટલની બહાર રહેલા ઈન્ટેલીઝન્સ ઓફિસરોને મળી ગઈ હતી, પણ તેમણે પોતાના ઉપરી અધિકારીઓને જાણકારી મોકલી ચુપકીદી સેવી લીધી હતી. આઈબી ઓફિસરોએ હાર્દિક હોટલમાં છે તેની જાણકારી પોલીસને પણ આપી નહોતી. રાહુલ ગાંધી એરપોર્ટથી આવી સીધા રૂમ નંબર ૨૨૪માં જતા રહ્યા હતા ત્યાં હાર્દિક અગાઉથી હાજર હતો, રાહુલ ગાંધી અને હાર્દિક વચ્ચે ૪૫ મિનિટ સુધી વાત થઈ હતી, જ્યારે બાકીના તમામ નેતાઓ લોંજમાં બેઠા હતા, છેલ્લી પાંચ મિનિટ માટે ભરતસિંહ સોંલકીને રાહુલ દ્વારા બોલાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ રાહુલ બીજા રૂમમાં ગયા હતા જ્યાં તેઓ નિખીલ સવાણીને મળ્યા હતા. રાહુલ રવાના થાય તેની પાંચ મિનિટ પહેલા હાર્દિક હોટલના પાછળના દરવાજે બહાર નિકળી ગયો હતો. જો કે આઈબી ઓફિસરની નજર હાર્દિક ઉપર હતી, હાર્દિક હોટલમાંથી નિકળતા આઈબી ઓફિસરે હોટલ પાસેથી સીસી ટીવી ફુટેજ લીધા હતા અને ત્યાર બાદ આ ઓફિસરને સૂચના આપવામાં આવી હતી કે આ ફુટેજ તમામ પત્રકારોને પહોંચાડી દેવામાં આવે.

## ગુજરાતમાં 'આપ' ભાજપને ફાયદો કરાવશે : નિષ્ણાતો

ગાંધીનગર, તા.૨૪

આમ આદમી પાર્ટીએ ઉમેદવારોની પહેલી યાદી બહાર પાડી છે, તેમાં સૌથી રાહતનો શ્વાસ ભાજપે લીધો છે. આમ આદમીએ ૧૧ ઉમેદવારોની જે યાદી બહાર પાડી છે તે જોતા આ બેઠકો આમ આદમી પાર્ટી કોઈપણ સંજોગોમાં જીતી શકે એમ નથી પણ આ એ મત વિસ્તારો છે જ્યાં આંદોલન અને પ્રજા રોષની અસર વધારે છે તેથી ભાજપ વિરોધી મતનું વિભાજન થાય તો કોંગ્રેસ કરતાં ભાજપને વધું ફાયદો કરશે એવું રાજકીય નિષ્ણાતોનું કહેવું છે. આથી છેલ્લા કેટલાય સમયથી આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ તરીકે ગુજરાતમાં ચૂંટણી લડવા આવી રહી છે તેવી ચર્ચા સોશિયલ મીડિયામાં ચાલી રહી છે તેને આડકતરૂં સમર્થન મળી રહ્યું હોય એમ લાગે છે. આ વખતે ગુજરાતની ચૂંટણીમાં ભાજપને હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણી એ ત્રણ યુવા નેતાઓએ સારો પડકાર ફેંકયો છે. પરંતુ ભાજપને વિશ્વાસ છે કે તેમનું હરીફ આમ આદમી પાર્ટી એટલે કે આપ આ વખતે તેમને ચૂંટણીમાં ઓછામાં ઓછી ૧૧ સીટ જીતવામાં મદદ કરશે. ગુજરાતમાં આવનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સતત જીતનો રેકોર્ડ બનાવવા ઝંખી રહ્યું છે. પણ છેલ્લા ૧૫ વર્ષમાં પહેલીવાર એવું બની રહ્યું છે કે ભાજપ નરેન્દ્ર મોદીની ગેરહાજરીમાં પ્રદેશના નેતાઓને ધોળા દિવસે તારા દેખાઈ રહ્યા છે. આ સંજોગોમાં ફરી ભાજર મત વિભાજનની રણનીતિ પર સવાર થઈને આ ચૂટણીમાં ઝુકાવશે એવું સ્પષ્ટ થઈ ગયું છે. આથી આપના ૧૧ ઉમેદવારનુ નીરિક્ષણ કરવામાં આવે તો આમાંથી એકપણ ઉમેદવાર જીતી શકે તેમ નથી પણ તે કોંગ્રેસના વોટમાં ગાબડું જરૂર પડાવશે જેને કારણે ભાજપને ફાયદો થશે.

આપના ઉમેદવારો જે ૧૧ સીટમાંથી લડવાના છે તેમાંથી મોટાભાગની સીટ એવી છે જેમાં ગુજરાતમાં ચાલી રહેલા ઓબીસી અને પાટીદાર અનામત આંદોલનને કારણે ભાજપની સીટ જીતવી થોડી મુશ્કેલ છે. આ સીટમાં બાપુનગર, લાઠી, છોડા ઉદેપુર, પાદરા, કરજણ વગેરે સીટનો સમાવેશ થાય છે. ગઈ ચૂંટણીમાં આ તમામ સીટ પર ભાજપ ૫૦૦૦ કરતા ઓછા માર્જિનથી જીત્યું હતું. આ વિસ્તારોમાં 'હાલમાં જે વિરોધ ચાલી રહ્યો છે તે જોતા આ ૧૧ સીટ પર જીતવું ભાજપ માટે પડકારરૂપ છે. આ કેસમાં આપ કોંગ્રસની વોટબેંક્રમાં ગાબડું પડાવશે અને ભાજપને જીતવામાં મદદ કરશે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટ પશ્ચિમ સીટ પરથી લડી રહ્યા છે. રૂપાણીની સામે કોંગ્રેસના યુવા સાંસદ ઈન્દ્રનીલ રાજયગુરુ મેદાનમાં છે. જયારે આપના રાજેશ કોંગ્રેસની વોટબેંક્રમાં ભાગ પડાવી રહ્યા છે.

# ગુજરાતમાં ભાજપ કે કોંગ્રેસ ? : કરોડોનો સટ્ટો




### ગુજરાતની ચુંટણી ઉપર ગુજરાતના ખેલીઓ કરતા ગુજરાત બહારના ખેલી-બુકીઓ વધુ સક્રિય બન્યા
### બુકીના મતે કોંગ્રેસની બેઠકોમાં ખાસ્સો વધારો થવા છતાં તેઓ સરકાર બનાવી શકે તેવી સ્થિતિમાં નથી

ગાંધીનગર, તા. ૨૪

સામાન્ય સંજોગોમાં વિવિધ રમતો ઉપર સટ્ટો કરતા બુકીઓ હવે ગુજરાતની ચુંટણી તરફ વળ્યા છે. ગુજરાતમાં ચુંટણી થાય તો કયા પક્ષની સરકાર બનશે તેની ઉપર કરોડોનો સટ્ટો રમાઈ રહ્યો છે, ગુજરાતની ચુંટણી ઉપર ગુજરાતના ખેલીઓ કરતા ગુજરાત બહારના ખેલી-બુકીઓ વધુ સક્રિય બન્યા છે.

સટ્ટા બજારની ધારણા પ્રમાણે ગુજરાતમાં ભાજપને ૯૫-૧૦૦ બેઠકો મળી રહી છે. બુકીઓ માને છે કે ગુજરાતમાં ભાજપની સીટો ઘટવા છતાં તેઓ સરકાર બનાવવા પુરતી પાતળી બહુમતી મેળવી રહ્યા છે. જયારે કોંગ્રેસને ૭૫-૮૦ બેઠકો મળી રહી છે તેવુ તેમનું અનુમાન છે, આમ બુકીના મતે કોંગ્રેસની બેઠકોમાં ખાસ્સો વધારો થવા છતાં તેઓ સરકાર બનાવી શકે તેવી સ્થિતિમાં નથી. સટ્ટા બજારના ભાવ પ્રમાણે હમણાં ભાજપ અને કોંગ્રેસનો ભાવ એક-એક રૂપિયા જ છે, આમ બંન્ને પક્ષોના સટ્ટાનો ભાવ સરખો ચાલી રહ્યો છે.

એક બુકીના જણાવ્યા પ્રમાણે આપ ગુજરાતમાં એક પણ બેઠક મળતી નથી તેના કારણે બુકી આપ ઉપર કોઈ સટ્ટો કરતા નથી

# 'બહેન' વિના ભાજપની જીત અધૂરી છે, 'ભાઈ'ને પણ તેમની જરૂર છે

ગુજરાત વિધાનસભામાં પાટીદારોના મતો અંકે કરવા

## ૭૫ વર્ષ પૂર્ણ થયાનું માનીને સરકારમાંથી દૂર કરવાનું યોગ્ય પગલું નથી...

માટે ભાજપ પાસે એકમાત્ર આનંદીબહેન પટેલનો ચહેરો છે પરંતુ બહેન માનતા નથી. બહેને જાહેર કર્યું છે કે તેઓ વિધાનસભાની ચૂંટણી લડશે નહીં. પાર્ટીના પ્રેસિડેન્ટ અમિત શાહને પત્ર લખીને તેમણે તેમનો અભિપ્રાય આપ્યો છે પરંતુ પાર્ટી છેલ્લી ઘડીએ બહેનને ચૂંટણીના મુખ્ય રોલમાં લાવી શકે છે.

પાર્ટી પાસે કેશુભાઈ પટેલ છે પણ તેઓ હવે સભાઓ કરી શકે તેમ નથી. પુરૂષોત્તમ રૂપાલા છે પણ તેઓ કેન્દ્રીય મંત્રી છે. પાર્ટી પાસે મુખ્યમંત્રીનો પટેલ ચહેરો નથી કે જેને પ્રોજેક્ટ કરી શકાય. એટલે એક જ બહેનનો આશરો છે.

પાટીદાર અનામત આંદોલન અને હાર્દિક પટેલના આંદોલન અને રેલીઓથી ફફડી ઉઠેલા ભાજપને પાટીદાર મતો હાથમાંથી સરકી રહ્યાં હોય તેમ લાગે છે. પાટીદાર સમાજના સિનિયર આગેવાનો ભલે ભાજપની પાસે હોય પરંતુ પાટીદાર યુવાનો જે નુકશાન કરી શકે છે તે બીજા કોઈ કરી શકતા નથી. પાર્ટીના એમપી સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું હતું કે ગુજરાતમાં મુખ્યમંત્રીનો લોકપ્રિય ચહેરો આનંદીબહેન પટેલ છે પરંતુ બહેને કહ્યું છે કે મારા મતવિસ્તાર ઘાડલોડિયામાં આ વખતે કોઈ યુવાનને ટીકીટ આપો. મારી ચૂંટણી લડવાની ઈચ્છા નથી. મારી ઉંમર ૭૫ વર્ષ કરતાં વધી ગઈ છે. પક્ષમાં મારા જેવા વરિષ્ઠ નેતાને બદલે યુવા નેતાને ટીકીટ આપી આગળ કરવાની જરૂર છે.

૨૦૧૬માં આનંદીબહેને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું અને કહ્યું હતું કે મને ૭૫ વર્ષ થવા આવ્યા છે તેથી હું સ્વેચ્છાએ ખસી જાઉં છું. તેમણે મુખ્યમંત્રી પદ છોડવાની વાત ફેસબુકના માધ્યમથી કરી હતી. જો કે તેમના શાસનમાં ઠીકઠાક ન હતું. પાર્ટી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં હારી ગઈ હતી. તેમના શાસનમાં કોંગ્રેસે ગ્રામ્ય વિસ્તારની પંચાયતો અને પાલિકાઓ કબજે કરી હતી જેથી હાઈમાન્ડે નેતૃત્વ પરિવર્તન કરવાનું નક્કી કર્યું હતું અને બહેનને ખસી જવાનો આદેશ કર્યો હતો.

અમિત શાહ જે ઓબીસી પર આધાર રાખીને બેઠા હતા તે યુવા નેતાઓ કોંગ્રેસમાં જતા રહ્યા અને તે ભારે પડી શકે છે. હાર્દિક પટેલ અને તેના સાથીદારો તો આખા ભાજપને નચાવે છે. એટલે ભાજપે તેના સમર્થનમાં યુવા આંદોલનકારીને દૂર જ કરવા પડે. આ યુવા નેતાઓ મન



મક્કમ કરીને બેઠા છે.




ગુજરાતમાં નવા મુખ્યમંત્રીની વરણી વખતે આનંદીબહેન પટેલના કારણે સરકારમાં ડેપ્યુટી ચીફ મિનિસ્ટર તરીકે નિતીન પટેલની વરણી કરવામાં આવી હતી. આ સમયે પાર્ટી પ્રેસિડેન્ટ અમિત શાહ અને આનંદીબહેન પટેલ વચ્ચેના સબંધો તંગ બન્યા હતા. આ બન્ને નેતાઓ જાહેરમાં સામસામે આવી ચૂક્યાં હતા.

ગુજરાતને પ્રથમ મહિલા મુખ્યમંત્રી મળ્યાનું વડાપ્રધાન

## ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રીનું ગૌરવ લેતા હતા પણ અચાનક શું થયું?...

નરેન્દ્ર મોદી તે સમયે ગૌરવ લેતા હતા પરંતુ કોઈને ખબર ન હતી કે બહેન આવી રીતે ખસી જશે અથવા તેમને ખસેડી લેવાશે. જો કે બહેને તેમના શાસનમાં મુખ્યમંત્રી ઉપરાંત મહેસૂલ અને શહેરી વિકાસ મંત્રાલયનો હવાલો લઈને વિવાદ સર્જ્યો હતો અને તે બાબત પાર્ટીના હાઈકમાન્ડને ખટકતી હતી, કેમ કે આ બન્ને વિભાગોનો હવાલો બહેનના શાસનને બદનામ કરી રહ્યો હતો. પાર્ટીમાં આ એક સત્ય છે.

હવે જો આનંદીબહેન પટેલને નારાજ કરવામાં આવે તો ગુજરાતના પાટીદારો નારાજ થઈ જાય તેમ છે. બહેનને સાઈડ ટ્રેક કરવામાં આવે તો એક એવો મેસેજ જાય છે કે ભાજપે પટેલ પાવરની જગ્યાએ અન્ય સમાજને વધારે મહત્વ આપ્યું છે. ગુજરાત ભાજપમાં આમ જોવા જઈએ તો પાટીદાર નેતાઓની ખોટ નથી. કેબિનેટમાં પણ સૌથી વધુ પટેલ સભ્યો છે. ધારાસભ્યોમાં પણ પટેલ પાવર જોવા મળે છે છતાં આજે ગુજરાતનો યુવા પાટીદાર ભાજપથી અળગો થયો છે. આ સંજોગોમાં આનંદીબહેન પટેલને સરકારના તમામ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે. હાઈકમાન્ડની સીધી સૂચના પણ છે કે ગુજરાત સરકાર કોઈપણ કાર્યક્રમ કે ઉત્સવ ઉજવે તેમાં આનંદીબહેનને માનભેર સ્થાન આપવાનું રહેશે.

ભાજપને આનંદીબહેન પટેલની હાલની સ્થિતિમાં જરૂર છે, કારણ કે તેમના કારણે ભાજપને મતદાનમાં ફાયદો થઈ શકે છે. આનંદીબહેનને ૭૫ વર્ષ પૂર્ણ થયાનું માનીને સરકારમાંથી દૂર કરવાનું યોગ્ય પગલું નથી, જો કે આ તો એક બહાનું છે. તેમને તો સત્તા પરથી ઉતરી જવાનું કહેવામાં આવ્યું હતું. પાર્ટીમાં ૧૯૯૮થી આનંદીબહેન પટેલ સરકારના વહીવટમાં છે. એટલે કે ધારાસભ્ય છે.

તેમણે અગાઉ પણ જાહેરાત કરી હતી કે હું વિધાનસભાની ચૂંટણી લડવાની નથી. તેમણે આ વાતને ફરી દહોરાવી છે કે તેઓ ચૂંટણી નહીં લડે. જો કે તેમણે ભાજપના ચૂંટણી પ્રચારનો ક્યાંય પણ ઈન્કાર કર્યો નથી. પાર્ટીએ ૩૫ ટકા બેઠકો આનંદીબહેન પટેલને પસંદ કરવાની છૂટ આપી છે એટલે કે તેઓ ભલે ધારાસભ્ય પદ માટે ચૂંટણી લડે નહીં પરંતુ તેમના પસંદ કરેલા ઉમેદવારોને તેઓ ટીકીટ અપાવશે તેવું ગણિત લગાવવામાં આવે છે.

## ભાજપ પાસે પટેલ નેતાઓ છે પણ એ પટેલો દબાયેલા છે, તેમની પાસે સત્તા નથી...